પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૨ | ૨૩ માર્ચ, ૨૦૨૧, મંગળવાર; ફાગણ સુદ - ૯ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# રાજ્યમાં કોરોનાના વિક્રમી ૧૬૪૦ નવા કેસ

**માર્ચ-૨૦૨૦થી માર્ચ-૨૦૨૧ દરમિયાના સૌથી વધુ કેસ સોમવારે નોંધાયા : અગાઉ ૨૭મી નવેમ્બર-૨૦૨૦માં ૧૬૦૭ સૌથી વધુ કેસ નોંધાયા હતા : રાજ્યમાં ૨૪ કલાકમાં ચાર વ્યક્તિનું મોત : અત્યાર સુધીમાં કુલ ૨૭૬૩૪૮ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા : ૨૪ કલાકમાં અમદાવાદમાં ૪૮૩ કેસ**



ગાંધીનગર,તા.૨૨

રાજ્યમાં છેલ્લા એક વર્ષમાં સૌથી વધુ કોરોનાના કેસ સોમવારે ૧૬૪૦ કેસ નોંધાયા હતા. ગત ૨૦૨૦માં ૨૭મી નવેમ્બરે સૌથી વધુ ૧૬૦૭ કેસ નોંધાયા હતા. જેમાં ૩૩ વધુ કેસ સાથે કોરોનાના કેસનો વિક્રમ સોમવારે નોંધાયો હતો.

રાજ્યમાં કોરોના વાયરસનું સંક્રમણનું પ્રમાણ ધીરે ધીરે ફરી વધી રહ્યું હતો તેવું લાગી રહ્યું છે. ત્યારે આજે રાજ્યના વિવિધ જિલ્લામાં કોરોનાના કુલ ૧૬૪૦ કેસ નોંધાયા હતા. બીજી તરફ ૧૧૧૦ દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૨,૭૬,૩૪૮ દર્દીઓએ કોરોનાને મ્હાત આપી છે. રાજ્યમાં સાજા થવાનો દર ૯૫.૭૪ ટકા પર પહોંચી ચુક્યો છે. અત્યાર સુધીમાં કુલ ૩૨,૭૪,૪૯૩ વ્યક્તિઓનું પ્રથમ ડોઝનું અને ૬,૦૩,૬૯૩ વ્યક્તિઓને બીજા ડોઝનું રસીકરણ પુર્ણ થઈ ચુક્યું છે. આ પ્રકારે કુલ ૩૮,૭૮,૧૮૬ લોકોને રસી આપવામાંઆવી છે. આજે ૬૦ વર્ષથી વધારે વયના તેમજ ૪૫-૬૦ વર્ષના ગંભીર બિમારી ધરાવતા કુલ ૨,૨૨,૧૮૬

● અનુસંધાન પાન-૭ પર

# એક જ અઠવાડિયામાં દેશમાં કોરોનાના કેસમાં ૬૭%નો મોટો વધારો નોંધાયો

**૨૪ કલાકમાં ૪૭,૦૦૦ નવા કેસ : ૨૪ કલાકમાં ૨૧૨ દર્દીનાં મોત, કુલ મૃત્યુઆંક ૧,૫૯,૯૬૭એ પહોંચ્યો, પાછલા અઠવાડિયા દરમિયાન મહારાષ્ટ્રમાં ૧.૬૫ લાખ કેસ નોંધાયા**

ન્યુ દિલ્હી,તા.૨૨

કોરોનાના દૈનિક કેસોની સંખ્યામાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. મહારાષ્ટ્ર, ગુજરાત, મધ્ય પ્રદેશ સહિત અનેક રાજ્યોમાં નોંધપાત્ર રીતે નવા કેસમાં વધારો જોવા મળ્યો છે. જેને જોતા કેન્દ્ર સરકારની ચિંતા વધી ગઈ છે. રાજ્યો પોતાના સ્તરે વિવિધ પ્રતિબંધો લગાવીને કોરોનાના પ્રકોપને ઘટાડવાની કોશિશ કરી રહ્યા છે. કોરોનાના વધતા કેસ જોતા કેટલાક શહેરોમાં હાલ પૂર્ણ લોકડાઉન પણ લાગુ છે. તો કેટલાક શહેરોમાં નાઈટ કરફ્યૂ તથા અન્ય પ્રતિબંધો પણ કડકાઈથી લાગુ છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાના ૪૬ હજારથી વધુ નવા કેસ નોંધાયા છે.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના જણાવ્યાં મુજબ છેલ્લા ૨૪ કલાકમાં કોરોના વાયરસના નવા ૪૬,૯૫૧ દર્દીઓ નોંધાયા છે. આ સાથે કુલ કેસની સંખ્યા ૧,૧૬,૪૬,૦૮૧ પર પહોંચી ગઈ છે. જેમાંથી ૧,૧૧,૫૧,૪૬૮ લોકો કોરોનાને માત આપવામાં સફળ રહ્યા જ્યારે ૩,૩૪,૬૪૬ દર્દીઓ હજુ પણ સારવાર હેઠળ છે. એક જ દિવસમાં ૨૧૨ લોકોએ કોરોનાના કારણે જીવ ગુમાવ્યા. આ સાથે કુલ મૃત્યુઆંક ૧,૫૯,૯૬૭ પર પહોંચ્યો છે. રસીકરણ અભિયાન હેઠળ અત્યાર સુધીમાં ૪,૫૦,૬૫,૯૯૮ લોકોને રસી આપવામાં આવી છે.

છત્તીસગઢમાં કોરોનાના વધતા કેસને ધ્યાનમાં રાખતાં રાજ્ય સરકારે તમામ સ્કૂલો, કોલેજો અને આંગણવાડીને આગામી આદેશ સુધી બંધ રાખવાનો નિર્ણય લીધો છે. રાજ્યના મંત્રી રવીન્દ્ર ચૌબેએ આ બાબતે પુષ્ટિ કરી હતી.

આરોગ્ય સચિવ રાજેશ ભૂષણે ઉત્તરાખંડના મુખ્ય સચિવને કુંભ મેળામાં પ્રોટોકોલનું સખત પાલન કરવા પત્ર લખ્યો છે. ઉચ્ચ સ્તરીય સેન્ટ્રલ ટીમના કુંભ પ્રવાસ બાદ વ્યક્ત થયેલી ચિંતા પછી તેમણે આ પત્ર લખ્યો છે.

આ વચ્ચે કર્ણાટકના સ્વાસ્થ્ય મંત્રીએ કહ્યું છે કે, કોરોના વાયરસની બીજી લહેરની શરૂઆત રાજ્યમાં થઈ ગઈ છે. જણાવી દઈએ કે, કર્ણાટકમાં પાછલા ૨૪ કલાકમાં ૧,૭૧૫ કેસ સામે આવ્યા અને બે લોકોના મોત પણ થઈ ગયા. અહીં કુલ ૯,૭૦,૨૦૨ કેસ છે. અત્યાર સુધી ૧૨,૪૩૪ લોકોના જીવ કોરોનાના કારણે જઈ ચૂક્યા છે.

# બંને સ્વદેશી વેક્સિનના વધુ ૧૨ કરોડ ડોઝના ઓર્ડર અપાયા

**કોરોનાના કેસમાં સતત વધારાથી સરકાર ચિંતિત : ભારતમાં શનિવાર સુધીમાં ૪.૩૬ કરોડ ડોઝ અપાયા, જુલાઈના અંત સુધીમાં ૩૦ કરોડને રસી આપવાનું લક્ષ્ય**

નવી દિલ્હી, તા. ૨૨

ભારતમાં કોરોનાના કેસમાં સતત વધારો થતાં કેન્દ્ર સરકારે સીરમ ઈન્સ્ટિટયૂટ ઓફ ઈન્ડિયા અને ભારત બાયોટેકને ૧૨ કરોડ રસીના ડોઝ પૂરા પાડવા ઓર્ડર આપ્યો છે. ભારતમાં ફરીથી કોરોના મહામારી પગપસારી રહી છે. સ્વાસ્થ્ય મંત્રાલયના અધિકારીઓ અને નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે આ વાઈરસની નવી લહેર હોઈ શકે છે, જે દેશના અનેક ભાગોમાં જોવા મળી રહી છે. સરકારે ભારતમાં ઉત્પાદિત કોરોનાની બે રસીઓના ઉત્પાદકોને ૧૨ કરોડ રસીના ડોઝ પૂરા પાડવાનો ઓર્ડર આપ્યો છે, જેમાં સીરમ ઈન્સ્ટિટયૂટને કોવિશિલ્ડના એક કરોડ ડોઝ અને બાકીના ભારત બાયોટેકની કોવેક્સિનના ડોઝ હશે.

ભારતમાં શનિવાર સુધીમાં કુલ ૪.૩૬ કરોડ ડોઝ અપાયા છે. દેશમાં ૧લી માર્ચથી ૬૦ વર્ષથી વધુ વયના સામાન્ય લોકો અને ગંભીર બીમારીનો સામનો કરતાં ૪૫ વર્ષથી વધુ વયના લોકોને રસી આપવાનું શરૂ કરાયું છે. ભારતનું લક્ષ્ય જુલાઈના અંત સુધીમાં ૩૦ કરોડ લોકોને કોરોનાની રસી આપવાનું છે.



# પરમબીર સુપ્રીમના દરવાજે, સીબીઆઈ તપાસની માગણી

નવી દિલ્હી, તા. ૨૨

મહારાષ્ટ્રમાં મુંબઈના પૂર્વ પોલિસ કમિશનર પરમબીર સિંહના લેટર બોમ્બ બાદ ઘમાસાણ મચ્યુ છે. એક તરફ ગૃહ મંત્રી અનિલ દેશમુખના રાજીનામાની વિરોધ પક્ષો માંગ કરી રહ્યા છે ત્યારે પરમબીર સિંહે હવે સુપ્રીમ કોર્ટના દરવાજા ખખડાવ્યા છે.

કોર્ટ સમક્ષ તેમણે માંગ કરી છે કે, મેં જે પણ દાવા મારા પત્રમાં કર્યા છે તેની સીબીઆઈ તપાસ કરવામાં આવે આ ઉપરાંત મહારાષ્ટ્રના ગૃહ મંત્રી અનિલ દેશમુખના ઘરના સીસીટીવી ફૂટેજની પણ તપાસ કરવામાં આવે. જેથી તમામ હકીકત સપાટી પર આવી શકે. એન્ટિલિયા કેસમાં મુંબઈ પોલીસના અધિકારી સચિન વઝેની સંડોવણી બાદ મહારાષ્ટ્ર સરકારે પરમબીરસિંહને મુંબઈના પોલિસ કમિશનર પદેથી હટાવ્યા બાદ પરમબીર સિંહે મુખ્યમંત્રી ઉધ્ધવ ઠાકરેને પત્ર લખીને કહ્યુ હતુ કે, અનિલ દેશમુખ દ્વારા સચિન વાજે પાસે દર મહિને ૧૦૦ કરોડ રુપિયાની માંગ કરવામાં આવતી હતી.

# કોવિશીલ્ડ વેક્સિન અંગે સરકારની નવી ગાઈડલાઈન્સ

**હવે ૪ સપ્તાહને બદલે ૮ સપ્તાહ બાદ આપવામાં આવશે બીજો ડોઝ**

ન્યુ દિલ્હી,તા.૨૨

સરકારે એસ્ટ્રાઝેનેકાની કોરોના વેક્સિન કોવિશીલ્ડના પ્રથમ અને બીજા ડોઝ વચ્ચેનું અંતર વધારવાનો નિર્ણય લીધો છે. કેન્દ્રના નિર્દેશ અનુસાર, કોવિશીલ્ડના બંને ડોઝની વચ્ચે ઓછામાં ઓછું ૬થી ૮ અઠવાડિયાનું અંતર હોવું જોઈએ. હાલમાં બંને ડોઝ વચ્ચેનું ૨૮ દિવસનું અંતર હતું. કેન્દ્રએ સ્પષ્ટતા કરી હતી કે આ નિર્ણય કોવેક્સિન પર લાગુ નહીં પડે.

કેન્દ્ર સરકારના જણાવ્યા અનુસાર, આ નિર્ણય રાષ્ટ્રીય ટેક્નિકલ સલાહકાર ગ્રુપ ઓન ઈમ્યુનાઈઝેશન (દ્ભ્છૈં) અને વેક્સિનેશન નિષ્ણાત જૂથ દ્વારા હાલના રિસર્ચ બાદ આ નિર્ણય લેવામાં આવ્યો છે, જેનો અમલ રાજ્ય સરકારોએ કરવો પડશે. એવો દાવો કરવામાં આવ્યો છે કે જો વેક્સિનનો બીજો ડોઝ ૬થી ૮ સપ્તાહની વચ્ચે આપવામાં આવે તો એ વધુ અસરકારક સાબિત થશે.

# સુશાંતની છિછોરે શ્રેષ્ઠ ફિલ્મ, કંગના રનૌત શ્રેષ્ઠ અભિનેત્રી

**નેશનલ ફિલ્મ એવોર્ડ્સ જાહેર કરવામાં આવ્યા : બેસ્ટ એક્ટરના એવોર્ડ માટે મનોજ વાજપાઈ, ધનુષની પસંદગી, એવોર્ડસની જાહેરાતમાં કોરોનાને લીધે વિલંબ**

નવી દિલ્હી, તા. ૨૨

દેશના પ્રતિષ્ઠિત નેશનલ ફિલ્મ એવોર્ડ્સના વિજેતાઓની જાહેરાત કરવામાં આવી છે. કોરોના વાયરસના કારણે ૬૭મા નેશનલ ફિલ્મ એવોર્ડ્સની જાહેરાત કરવામાં વિલંબ થયો છે. ૬૭મા નેશનલ ફિલ્મ એવોર્ડ્સમાં દિવંગત બોલીવૂડ સ્ટાર સુશાંત સિંહ રાજપૂતની 'છિછોરે'ને શ્રેષ્ઠ ફિલ્મનો નેશનલ એવોર્ડ આપવામાં આવ્યો છે. જ્યારે કંગના રણૌતને શ્રેષ્ઠ અભિનેત્રીનો એવોર્ડ આપવામાં આવ્યો છે. કંગનાને ફિલ્મ 'મણિકર્ણિકા' અને 'પંગા' ફિલ્મ માટે આ એવોર્ડ મળ્યો છે. આ કંગનાનો ચોથો નેશનલ એવોર્ડ છે. બેસ્ટ એક્ટરનો એવોર્ડ મનોજ વાજપાઈ તથા ધનુષને આપવામાં આવ્યો છે. મનોજ બાજપાઈને ફિલ્મ ભોસલે માટે તથા ધનુષને અસુરન માટે આ એવોર્ડ આપવામાં આવ્યો છે. કંગના રણૌતને મણિકર્ણિકા અને પંગા ફિલ્મ માટે બેસ્ટ એક્ટ્રેસનો નેશનલ એવોર્ડ મળ્યો છે.

બેસ્ટ પ્લેબેક સિંગર (મેલ)નો એવોર્ડ બી પ્રાકને આપવામાં આવ્યો છે. તેને ફિલ્મ કેસરીના લોકપ્રિય ગીત 'તેરી મિટ્ટી મેં મિલ જાંવા' માટે આ એવોર્ડ આપવામાં આવ્યો છે. બેસ્ટ પ્લેબેક સિંગર (ફિમેલ)નો એવોર્ડ બારડોને આપવામાં આવ્યો છે. પલ્લવી જોષીએ બેસ્ટ સપોર્ટિંગ એક્ટ્રેસ જ્યારે વિજય સેતુપતિએ બેસ્ટ સપોર્ટિંગ એક્ટરનો એવોર્ડ જીત્યો છે. જલીકટ્ટુ ફિલ્મને બેસ્ટ સિનેમેટોગ્રાફીનો એવોર્ડ આપવામાં આવ્યો છે. ૬૭મા નેશનલ ફિલ્મ એવોર્ડ્સની જાહેરાત ૩ મે ૨૦૨૦ના રોજ થવાની હતી પરંતુ કોરોના વાયરસના રોગચાળાના કારણે તેમાં વિલંબ થયો છે. આ એવોર્ડ્સ માટે અંતિમ એન્ટ્રીની ડેડલાઈન ૧૭ ફેબ્રુઆરી ૨૦૨૦ સુધીની હતી.




# શરદ પવાર પોતાના જ દાવામાં ફસાયા

**ભાજપે ટ્વીટ કરી ઊઘાડા પાડ્યા : પરમબીર સિંહના પત્રને લઈને વિવાદ થયો : ૫થી ૧૫ ફેબ્રુઆરી સુધી અનિલ દેશમુખ હોસ્પિટલમાં હતા, તેવા ડોક્યુમેન્ટ હોવાનો નેતા શરદ પવારનો દાવો**

નવી દિલ્હી,તા. ૨૨

મુંબઈના પૂર્વ પોલીસ કમિશ્નર પરમ બીર સિંહ દ્વારા લખવામાં આવેલા પત્રને લઈને ઉભો થયેલો વિવાદ હવે અટકવાનું નામ જ નથી લઈ રહ્યો. રાજ્યમાં ઉભી થયેલી રાજકીય આંધીના ઝપાટામાં મહારાષ્ટ્રની મહાવિકાસ અઘાડી સરકાર અને શિવસેના-એનસીપીનું ગઠબંધન સંકટમાં દેખાઈ રહ્યું છે.

સોમવારે ફરી એકવાર એનસીપી પ્રમુખ શરદ પવારે દિલ્હી ખાતે પ્રેસ કોન્ફરન્સ સંબોધી. શરદ પવારે સ્પષ્ટતા કરી કે ગૃહ મંત્રી અનિલ દેશમુખને રાજીનામું આપવાની કોઈ જરૂર નથી. પરંતુ પ્રેસ કોન્ફરન્સમાં શરદ પવારે એક એવો દાવો કર્યો જેના પર ત્યાં હાજર મીડિયા અને ભારતીય જનતા પાર્ટીએ તરત જ સવાલ ઉઠાવ્યા. શરદ પવારે પ્રેસ કોન્ફરન્સમાં કહ્યું કે અનિલ દેશમુખના રાજીનામાનો સવાલ જ નથી. તેમના પર જે આરોપ લાગવ્યા છે તેમાં કોઈ દમ નથી. આ સાથે જ શરદ પવારે કહ્યું કે જે તારીખ વચ્ચે આ આરોપ લગાવવામાં આવ્યા છે, તે સમયે ૫થી ૧૫ ફેબ્રુઆરી સુધી મહારાષ્ટ્રના ગૃહ મંત્રી હોસ્પિટલમાં દાખલ હતા, તે બાદ તેઓ લાંબા સમય સુધી ક્વોરન્ટાઈનમાં રહ્યા.

● અનુસંધાન પાન-૭ પર

# કાશ્મીરના શોપિયાં એન્કાઉન્ટરમાં ૪ આતંકી ઠાર, ૧ જવાન ઈજાગ્રસ્ત

**૧૧ દિવસમાં ૭ આતંકીનો ખાતમો, શસ્ત્રોનો મોટો જથ્થો જપ્ત કરાયો**

શ્રીનગર,તા.૨૨

જમ્મુ-કાશ્મીરના શોપિયામાં સેનાએ ગઈકાલે રાત્રે ૪ આતંકીઓને ઠાર માર્યા. આ સાથે છેલ્લા ૧૧ દિવસમાં સુરક્ષાદળોએ ૭ આતંકીને ઠાર માર્યા. તેમને પાસેથી શસ્ત્રોનો મોટો જથ્થો કબજે કર્યો. કાશ્મીર ઝોન પોલીસે સેનાને મળેલી સફળતા અંગેની માહિતી આપતા જણાવ્યુ કે શોપિયાં જિલ્લાના મુનિહાલ વિસ્તારમાં સેનાની સાથે અથડામણમાં ૪ આતંકી ઠાર મરાયા. જ્યારે એકાઉન્ટરમાં એક જવાન ઘાયલ થયો છે.



આ તમામ આતંકી લશ્કર એ મુસ્તફા સંગઠન સાથે સંકળાયેલા હતા. તેઓ શોપિયાંના જ રહેવાસી હતા અને તેમની ઓળખ આમિર શફી, રઈસ બટ્ટ, આકિબ મલિક અને અલ્તાફ અહેમદ વાની તરીકે થઈ છે. જમ્મુ-કાશ્મીર પોલીસના અધિકારીઓએ જણાવ્યું કે સુરક્ષા બળોને કેટલાક આતંકી છુપાની બાતમી મળી હતી. ત્યાર બાદ ઓપરેશન હાથ ધરાયું હતું. શોપિયાંના મનિહાલ વિસ્તારમાં રવિવારે રાતે આશરે ૨ વાગ્યાથી અથડામણ શરૂ હતી. જમ્મુ-કાશ્મીર પોલીસ, સેના અને સીઆરપીએફના સંયુક્ત

● અનુસંધાન પાન-૭ પર


અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા

₹23* / 500 mL

અમૂલ ગાયનું દૂધ




Amul The Taste of India

*એમઆરપી (બધાં કરવેરા સહિત), ટ્રાન્સપોર્ટેશન અને કૂલિંગ ચાર્જિસ સામેલ છે. શરતો લાગુ. પૂછપરછ/ઉપલબ્ધતા માટે કૃપા કરી સંપર્ક કરોઃ અમદાવાદ અને સૌરાષ્ટ્રઃ 079 - 23969055/ 56/57





## શ્રદ્ધાંજલિ

ધી ગાંધીનગર નાગરિક કો.ઓપ. બેંક લિ.ના ડિરેક્ટરશ્રી મનુભાઈ ભીખાભાઈ પટેલના માતૃશ્રી ચંચીબેન ભીખાભાઈ પટેલ અક્ષરનિવાસી થયેલ છે. આ દુ:ખદ ઘડીએ શ્રી મનુભાઈ તથા તેઓના પરિવારને પરમ પરમાત્મા દુ:ખ સહન કરવાની શક્તિ આપે તથા પ્રભુ સદ્‌ગતના આત્માને સદ્‌ગતિ સાથે ચરણોમાં સ્થાન આપે તેવી પ્રાર્થના....

લિ.

ધી ગાંધીનગર નાગરિક કો. ઓપ. બેંક લિ.

પ્રવિણકુમાર ડી. પટેલ, વાઈસ ચેરમેન | વિક્રમ કે. પટેલ, ચેરમેન | વિપુલ આર. પટેલ, મેનેજીંગ ડિરેક્ટર

બોર્ડ ઓફ ડિરેક્ટર્સ

અશોકભાઈ જી. પટેલ | અશોકભાઈ આર. પટેલ | ઘનશ્યામભાઈ કે. પટેલ
જયંતિભાઈ એમ. પટેલ | ચંદ્રકાંતભાઈ સી. પટેલ | મનુભાઈ બી. પટેલ
લાલસિંહ કે. વાઘેલા | નરેન્દ્રભાઈ એમ. શાહ | ડો. હિમાંશુ વી. પટેલ
વિષ્ણુભાઈ આઈ. પટેલ | બીપીનભાઈ વી. પટેલ (કો ઓપ ડિરેક્ટર)

દિપક એચ. શાહ, જનરલ મેનેજર તથા સમગ્ર બેંક પરિવાર